રઘુનાથ કૃત્ય.

ધ્રુવાખ્યાન તથા પ્રહ્લાદાખ્યાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વૈષ્ણવ રણછોડદાસ ઇચ્છારામ.

તથા

ગોકળદાસ દ્વારકાંદાસ.

અમદાવાદ.

"વિજયપ્રવર્ત્તક" પ્રેસ.

સંવત ૧૯૫૧. સને ૧૮૯૫.

કીંમત બે આના.

રઘનાથ કૃત્ય.

ધ્રુવાખ્યાન.

કડવું ૧ લું. રાગ ધનાશ્રી.

પ્રથમ નમુ, શ્રી ગુરૂરાયજી, વલ્લભસુત, કરો કીરપાયજી;
મન ક્રમ વચને, લાગુ પાયજી, માગુ એટલુ, ગુણ ગવાયજી.

ઉથલો.

ગુણલા ગાવુ ને મિત્ર કહે છે, વિદુરજી તમે સાંભળો;
પૂન્યપવિત્ર ભક્ત રાજા, ધ્રુવજીનો મહિમા ભલો. ૧
નારાયણની નાભીકમળથી; બ્રહ્માનો અવતાર;
બ્રહ્માથકી સ્વાયંભૂ મનુના, ઊત્તાનપાદ તે સાર. ૨
તે રાજાને બે રાણીઓ, સુરૂચી સુનીતી નામ;
બ્રહ્માવર્ટ ક્ષેત્રનો રાજા, મોહોટાં એમનાં કામ. ૩
સુરૂચી તો અતી માનીતી, અણમાનીતી એક;
સુનીતીનુ સદનમાંહે, ચલણ નાહી છેક. ૪
માનીતીને ઊત્તમ કુંવર, અણમાનીતીના ધ્રુવ;
પાંચ પાંચ વરસની વેયો, ક્ષત્રિવટ પૂરૂ ખરૂ. ૫
એક સમે રાજાને ખોળે, ઊત્તમ બેઠો સાર;
તેણે સમે ત્યાં ધ્રુવજી આવ્યા, હૈડે હરખ અપાર. ૬
ધ્રુવજીને નવ બોલાવ્યા, રાજાએ તે વાર;
ઊત્તમને ખોળામાં દેખી, મનમાં આવ્યો ખાર. ૭
તેણે સમે ત્યાં સુરૂચી બોલ્યાં, ધ્રુવની અપરમાત;
એવો આશા કિજે નહીં, સાંભળ મહારી વાત. ૮
વનમાં જઇને તપ કરે, આરાધે હરિ નેટ;

કાયા પાડી જો તું આવે, નિશ્ચે મહારે પેટ. ૯
ત્યારે તુજને રાજ અપાવું, તજે સુનિતીનો સંગ;
રૂઘનાથ પ્રભુ ભજે પામો, રાજાનો ઓછંગ. ૧૦

કડવું ૨ જું.

દંડનો માર્યો, સર્પ જેમ ખીજેજી, બાળક નહાનો, તેથી શું સીજેજી;
વચનકેરા, ઊર બાણ વાગ્યાંજી, મ્હો મૂકીને, રોવા ધ્રુ લાગ્યાજી.

ઉથલો.

રોતા રોતા ધ્રુજી આવ્યા, પોતાની મા પાસ;
ઊજમ ભર્યા ગયા હુતા, આવ્યા થઇ નિરાશ. ૧
પોતે રોતા રહે નહીને, પેર પુછે માત;
જેવી હુતી તેવી કહી, બીજે લોકે વાત. ૨
સુનિતીને ઝાળ લાગી, શોકનાં વચન સાંભળી;
ઊત્તર કશો સુજે નાહી, રોવા લાગ્યાં બેઊ મળી. ૩
કર્મ કેરાં ફળ ભોગવીયે, દોષ કુંને નવ દીજિયે;
અપરમાએ વચન કહ્યાં, તે સૌ માની લીજિયે. ૪
એ રાજાની અમે બે રાણીઓ, દે કોઈ મહારૂ નામ;
ત્યારે રાજા મનમાં લાજે, નીચુ જુએ તે ઠામ. ૫
વનમાં જઇને તપ ધારો, આરાધો અવિનાશ;
રાજાનો ઓછંગ મળશે, પૂરશે સૌ આશ. ૬
મનના મનોરથ પુરશે એ, કમળનેન ભગવાન;
એ હરિનુ મનુ સરખા, નિત્ય ધરે છે ધ્યાન. ૭
પિતુ પિતામહ નથી પામ્યા, તે પદને તું પામે;
સકળ લોકમાં થાય સમોતો, દુઃખડાં સઘળાં વામે. ૮
માતાકેરાં વચન સાંભળ્યાં, આવ્યો મન વિશ્વાસ;
ક્રોધ સઘળો સમાવીને, થયા અતિ ઊદાશ. ૯
ધીર વીર કો ધ્રુવ જેવો, ન મળે બીજો એક;
રૂઘનાથના સ્વામિને ભજવા, ચાલ્યા રાખી ટેક. ૧૦

કડવું ૩ જું.

ધ્રુજી નિસર્યા, નગર મેલીજી, આપે એકલા કોય ન બેલીજી;
દઢ વિશ્વાસી, રાજકુમારજી, ક્ષણુયે ન લાગી, તેને વારજી.

ઊથલો.

ક્ષણુયે તેને વાર ન લાગી, કહેતાંમાં વન નિસર્યા;
મોહનજીનું મન નારદ, મારગડામાંહી મળ્યા. ૧
મુખ જોઇ પ્રસન્ન થઈ, માથે મેલ્યો હાથ;
મન જોવાને કારણે, પછી નારદ બોલ્યા વાત. ૨
અલ્યા બાળક આજ તુને, રીસ ન હોય મન;
આજ તુંતો રમતો હીંડે, ખાવા પીવાના દન. ૩
અપમાન ને માન તારે ન હોય, તુંતો નહાનું બાળ;
શોકને મોહ તારે ન હોય, તારે ન હોય ગાળ. ૪
પ્રતવાંને રહિયે સુખા, દુઃખ સુખ દે છે કર્મ;
તેમાં કુંને દોષ ન દેઇયે, એ મોટાનો મર્મ. ૫
ઇર્ષા આણે શું થાય, વિચારીયે મન;
સાધૂપણામાં સુખ ઘણું, ટાઢુ થાયે તન. ૬
બરોબરી શું હોય મીત્રી, સાશું હેત અપાર;
પાછો વળે તો પૂત્ર તુજને, રાજ અપાવુ સાર. ૭
ધ્રુજી કહે છે નારદજી તમે, વાત કહો છો તે ખરી;
ક્ષત્રીયોનો ધર્મ એવો, માન જાતાં જઇએ મરી. ૮
વાત કહી તે રહેતી નથી, મહારા હૃદેમાં ઠરી;
સુરૂચી વચને સાર પડીયા, તેથી જઉ વન નિસરી. ૯
ઊંચા પદની આશા રાખુ, જેહ પદ પિતુને ના મળ્યાં;
રૂઘનાથ કહે તે બતાવો, જેથી દુઃખ રહે વેગળાં. ૧૦

કડવું ૪ થું.

વિશ્વાસ દ્રઢ, ધ્રુનો દીઠોજી, સ્વભાવ જેનો, લાગ્યો મીઠોજી;
પ્રહેની વાતો, વછની સુણીજી, વળતી બોલ્યા, નારદમુનિજી.

ઊથલો.

નારદ બોલ્યા દયા આણી, ધ્રુજી તમે સાંભળો;
ધન્યધન્ય તહારી રીસને, ધન્યધન્ય તહારો આમળો. ૧
મધુવનમાં વેગે જાજે, સદા જેમાં રહે હરિ;
ધ્યાન તુજને બતાવુ તે, રાખજે ઉરમાં ધરિ. ૨
જમુનાજીમાં જઇને નહાજે, તહારા મનમાં ભાવશે;

નહાના સરખા નાથજી તે, તહારા ઊરમાં આવશે. ૩
ચર્ણથકિ પૂજિયે હરિ, પૂજકને કરૂણા કરે;
રૂદેકમળમાં રહી મહારા, તાપ તન મનના હરે. ૪
મોરમુગટ પિતાંબર સોહિયે, કુંડળ લળકે કાન;
તિલક ભાલ લેલાટ રાજે, સુંદર ભીનેવાન. ૫
આંખડીયોમાં અમી ઝરે, પ્રેમનો નહીં પાર;
મુખડાંની સોભા સારી, તેજનો અંબાર. ૬
કંઠમાં તો કૌસ્તુભ મણિ, વખાણું વનમાળ;
અંગે આભૂષણ કહ્યાં ન જાય, અમૂલ્ય અમૂલ્ય એક હાર. ૭
સંખ ચક્ર ગદા પદ્મ બિરાજે, બાંહે બાજુબંદ;
કરૂણાના સાગર સાંમી, પોતે પૂરણચંદ. ૮
સોનાની કટિ મેખળા સોહિયે, ઝાંજરનો ઝમકાર;
નખ શિખસુધી નિરખી રહિયે, તજિયે નહીં લગાર. ૯
મનવડે સેવા સઘળી, સુંદર વરની કીજિયે;
રૂઘનાથનો સ્વામિ રસીયો, તેને ઉરમાં લીજિયે. ૧૦

કડવું ૫ મું.

નારદજીએ, જપ બતાવ્યોજી, દ્વાદશ અક્ષરનો મંત્ર બતાવ્યોજી;
દયા આણી, શીષ્યને સુણાવ્યોજી, ધ્રુવજીને, ભાવે ભણાવ્યોજી.

ઉથલો.

ભાવે ભણાવ્યો ધ્રુવજીને, પાત્ર જાણી રસ ભર્યો;
કહંનદ્વારે રૂદે માંહે, કહાનુડો આવી ઠર્યો. ૧
ૐ નમો ભગવતે, વાસુદેવાય નમ;
મુખવડે મંત્ર જપજે, રાખજે સમને દમ. ૨
પરીક્રમા કરી પાયે લાગી, ધ્રુજી વનમાં ચાલીઆ;
એનીમેળે પશુપક્ષીએ, સુભ શુકન આલીઆ. ૩
તેણેસમે નારદ વલતા, રાજા પાસે આવીઆ;
ઉત્તાનપાદે આસન આપી, પૂજીને પધરાવીઆ. ૪
ફિકર કરતો રાજા દેખી, બોલીઆ નારદરૂષિ;
રાજા તહારૂ રાજ અવિચળ, કેમ થાય છે દુખી. ૫
રાજાજી કહે કુંવર માહારો, રીસાઇ ગયો આજ;
તેનો હું તો સોચ કરૂછુ, સુજે નહીં કાજ. ૬

ઉછંગે એ આવ્યો બેસવા, મે નવ બોલાવીઓ;
હું અંધ સ્ત્રીયે જીત્યો, અસ્ત્રી અજીત હું કહાવીઓ. ૭
ઘણું ડાહ્યો ઘણું સાણો, ઘણું દિનદયાળુ;
કયાં એ જમસે કયાં એ રમસે, કયાં એ કરસે વાળું. ૮
ભૂખ્યો થાશે તરશ્યો થાશે, વંન તે કેમ વેઠશે;
બાળક મહારો પાંચ વરસનો, તેની શીગતી થશે. ૯
સોચ કુંવરનો કરશો નહીં, એ ઉંચી પદવી લાવશે;
રૂઘનાથ પ્રભુ પ્રસન્ન કરી, થોડે દહાડે ઘેર આવશે. ૧૦

કડવું ૬ ઠું.

ધ્રુજી ગયા, વનમોજારજી, અખંડ બિરાજે, હરિ તે ઠારજી;
મધુવન જમુનાં, સૌથી સારજી, તહાં જઇ રહ્યા, રાજકુંમારજી.

ઉથલો.

રાજકુંવરે વનમાં જઇ, તપ ઊગ્ર આદર્યું;
મન જીત્યું વાણી જીતી, ધ્યાન મોહનનું ધર્યું. ૧
ત્રણ દિવસ અપવાસ કરે, ચોથે દન લે ફળને;
પાંચ દિવસ અપવાસ કરે, છઠ્ઠે દન લે દળને. ૨
આઠ દિવસ અપવાસ કર્યા, બલિહારી એના બળને;
નવમે દહાડે કરે પારણું, એકલુ લે જળને. ૩
બાર દિન અપવાસ કીધા, તેરમા દિનને વિખે;
ફળ જળ સૌ ત્યાગ કીધુ, એકલુ અનિળ ભખે. ૪
વાયુ લેને વાયુ મૂકે, વાયુ વળતી વશ થયો;
પાંચ મહિના એમ કીધુ, મહિમા નવ જાયે કહ્યો.
નૌકામાં જેમ ગજ ધાલે, નૌકા નમિનમિ જાય;
જેના ઉરમાં હરિ આવે તે, ભકત ભારે થાય. ૬
જયાં જયાં ધ્રુવજી પગ માંડે, તે પૃથ્વિ નિચી નમે;
તપ દેખી દેવ રૂધાણા, મહાવના મનમાં ગમે. ૭
એક પગે ઊભા રહ્યા, સમાધિ કરી સાંમની;
હલણ ચલણ કાંય નહીં, મુખઆળા નાંમની. ૮
ધ્રુવજીનું તપ દેખી, રૂધાંણા સૌ લોક;
સૌયે જાણ્યું શું સ્થળ લેશે, આવ્યો મનમાં ધોખ. ૯

સરીર સઘળુ તોળી રાખ્યું, અંગુઠ ઊભા રહી;
રૂધનાથના સ્વામીની સાથે, ધ્યાનમાં એકઠા થઇ. ૧૦

કડવું ૭ મું.

શ્રીહરિપાસે, દેવ સૌ આવ્યાજી, મહારાજ અમે, ઘણું અકળાયાજી;
તપ એ તનનું, અતિશે ઘાડોજી, વરદાન આપી, એને ઊઠાડોજી.

ઊથલો.

વરદાન આપી એને ઊઠાડો, પુરો ધ્રુજીની કામના;
ઇચ્છા હોય તે આપો એને, થાયે તમારી નામના. ૧
સ્વર્ગ લોક પાતાળ એને, કાંય નથી સોહાવતો;
એને મનોરથ માહરો, એ ભક્ત મુજને ભાવતો. ૨
તપ દેખી એ બાળકનું, હુંય પણ અકળાઊઉં;
દેવતા સૌ સ્વધામ સધારો, હું દર્સન દેવા જાઊઉં. ૩
તેણુ સમે હેત કરી, ધ્રુજી પાસે હરિ ગયા;
સમાધિનિસ્ટ સંતજને, બહાર મોહન ના લહ્યા. ૪
ધ્યાનમાંહે ધરણીધર, મનમોહન માણીઆ;
ગરૂડ બેશી ગોવિંદજીને, આવ્યા તે નવ જાણીઆ. ૫
મોહનજી કહે મને ન જાણ્યો, એતો ગુરૂના ગ્યાનમાં;
એણ મુને દીઠો નહી, એતો એના ધ્યાનમાં. ૬
ધ્યાન હરિયે તાણી લીધુ, ત્યારે આંખ્યો ઊઘડી;
તેવા ત્રિકમ બહાર દીઠા, કર જોડ્યા પાયે પડી. ૭
બોલ્યું તો બોલાય નહીં, શા ગુણ ગાયે બાળ;
નાથજીને નેણુ નિરખ્યા, ટળિ તનની ઝાળ. ૮
દિનદયાળે દયા કરી, ભકત સાંમુ ભાળિયુ;
વેદમાંહી સાંખ્યવડે, વાન એનું વાળિયું. ૯
ગુણ જણાવ્યા ગોવિંદજીએ, એવા મહા બડભાગીઆ;
રૂધનાથના સ્વામીના ગુણલા, ધ્રુજી ગાવા લાગીઆ. ૧૦

કડવું ૮ મું.

દેવવિમલ, હરિ ગુણગાયજી, અનંત શક્તિ, ધર તમે રાયજી;
તમારી ઇચ્છાયે, સૌ સરજાયજી, પાલણપ્રલે, તમવડે થાયજી.

ઊથલો.

થાય ત્રણે ગુણ તમથી, ગુણથી તમે વેગળા;
શિવ સનકાદિક સુરિનરે, કોઇએ તમને નવ કળ્યા. ૧
જે કોઇ તમને પ્રસન્ન કરી, માગે તેતો મોહ્ધવડે;
ભોગલે તે ભોગવીને, વિમાનથી વેગે પડે. ૨
દેવ તમારા આગ્યાકારી, તમારી વાંણી વહે;
જીવને મનમોહ થયો, તેતો તમને નવ લહે. ૩
સ્યાંમ તમારૂ નામ લેતાં, બંધન નાસે જનનાં;
જન્મ મરણ મટે તે'નાં, ઊપાસન ટળે અન્યનાં. ૪
ધ્રુજી કહે હું તે માગુ, સંગ તમારા ભકતનો;
સ્વપના માંહે વહેવાર મહારે, હુશો નહી જક્તનો. ૫
સાધૂ મળે સુખ થાયે, પાપ બળે દેહીનાં;
અભેકલ્યાંણ થાય તે'ને, સુખ લે સનેહીનાં. ૬
નારાયણ તમ નાભીમાંહે, કમળથી બ્રહ્મા થયા;
અંતરજામી રૂપ તમે, વિશ્વમાં વ્યાપી રહ્યા. ૭
ભગ્ત તમારી ભગ્તિ કરે, કાંય નથી માગતા;
સંસારી સૌ સુઇ રેછે, જન તમારા જાગતા. ૮
માંથુ સહોને દુધ મે'લો, ગાયના ગુણલા ધરો;
રૂઘનાથના સ્વામિ તમે, આપીને અભે કરો. ૯

કડવું ૯ મું.

વળતી બોલ્યા, દિનદયાળજી, ગુણના સાગર, શ્રી ગોપાળજી.
ફળના દાતા, તપના જાણજી, કૃષ્ણ કરતા, બહુ બ્રહ્માંડજી.

ઊથલો.

બ્રહ્મલોકના ઊપર એ છે, તે દેવે નથી દાખીયું;
પિતુ પિતામહ નથી પામ્યા, મેં તહારે કાજે રાખીયું. ૧
ચૌદલોકના ઊપર લોક છે, અવિચળ પદ એ સ્થાપીયું;
ધ્રુવપદ તે ધ્રુજી મેં તો, આજ તુજને આપીયું. ૨
ગ્રહ નક્ષેત્ર તારામંડળ, તેતો સૌ ફેરા ફરે;
મેડી સ્થાનક ઠામ તારો, તેતો કહીયે નવ ચળે. ૩
કલપવાસી લોક રહે છે, તહેનો તું રાજા થયો;

સકળ લોકનું રાજ્ય કરજો, અવિચળ એ'માં રહો. ૪
દેવ સઘળા સ્તુતિ કરે, સીસુમારનું મૂળ છે;
ધ્રુવજી એ ધ્રુવપદવી, વૈકુંઠ ને અનુકુળ છે. ૫
છત્રિસ હુજાર વર્ષ પૃથ્વિનું, રાજ્ય કરી તહાં આવજે;
તહારી તો ઇચ્છા નથી પણ, મૂજ ઇચ્છા મન લાવજે. ૬
મૃગયા કરવા ઊત્તમ જશે, તે'ને ત્યાં જક્ષ મારશે;
સુરૂચી જાશે સોધવાને, તેને દવ પ્રજાળશે. ૭
તહારે તો મન દાઝ નથી, મહારી એ'વી મત્ય છે;
ભગતદ્રોહી હોય તેની, અંતે એવીજ ગત્ય છે. ૮
પોતપોતાને જંન જાણી, આનંદ સઘળા આલીઆ;
વરદાન આપી પોતાનો સ્થાપી, વાલોજી ત્યાંથી ચાલીઆ. ૯
જોતાં જોતાં જગતપતિ, ગરૂડ બેસીને ગયા;
રૂષનાથના સ્વામી મળ્યા પણ, ધ્રુજી પ્રસન્ન નવ થયા. ૧૦

કડવું ૧૦ મું.

વિદુર બોલ્યા, સુણો તમે મીત્રજી, પ્રસન્ન ન થયો, કહો કેહીલજી;
વર્દાન આપ્યુ, મોહુન મળ્યાજી, મ્હેડ કરી સ્થાપ્યો, તાપ સૌ ટળ્યાજી.

ઊથલો.

તાપ ટળ્યા મોહુન મળ્યા, તોયે પ્રસન્ન ના થયા;
મિત્રજી કહે વિદુર સુણો, વહાલાનો વિછો હુવા. ૧
તપ કર્યુ ને મોહન મળ્યા, મેં તે આ શું માગીયું;
વાલો મૂજને વહિ ગયા, કાળજ મહારૂ લાગીયું. ૨
ચર્ણથકી અળગા કર્યો, માયામાં મને નાંખીયો;
બાળપણુમાં બેસી રહ્યો, હું કાંયે નવ ભાંખીયો. ૩
દેવ મહાની મત ફેરવી, તેણુ મેં કાંય નવ લહ્યું;
[illegible] લેતા સ્યામ ભજિયા, દુઃખ તો વળગ્યુ રહ્યું. ૪
[illegible] માં મને શાને નાંખ્યો, સ્યામે આ શું કીધલુ;
[illegible] ફેર, ચિત્ત ચોરી લીધલુ. ૫
[illegible] ન [illegible] યંચા, મજ સરખા મંદભાગીયા;
[illegible] ની [illegible] ક બુદ્ધ, બશેર વરી માગીયા. ૬
હુરિભજ્યા ને હુરિ મળ્યા, સંસાર મૂજને સાલીયો;

અતિ પ્રસન્ન થઇ ધ્રુવ, ભોવન ભણી ચાલીયો. ૭
રાજાને જઇ ખબર કહી, તન તહારો આવીયો;
ક્યાંથીરે આવે કુંવર મહારો, મન ભલો ભાવીયો. ૮
વનમાંહે વાઘ વરૂએ, એને હશે મારીયો;
આટલે દહાડે ક્યાંથી આવે, નવ વિસરે વિસારીયો. ૯
નારદજીનાં વચન સાંભળ્યાં, કહ્યું કુંવર તમારો આવશે;
રૂઘનાથનો સ્વામી ભજિને, અભે પદવી લાવશે. ૧૦

કડવું ૧૧ મું.

ખબર સાંભળી, ઊઠ્યા રાયજી, હૈડામાંહે, હરખ ન માયજી;
અમુલ્યહાર, વધેઆને આલ્યોજી, લશ્કર લેઇ, રાજા ચાલ્યોજી.

ઉથલો.

રાજા ચાલ્યો રથે બેસી, વધાવો બહુ લેઈને;
પુત્ર ઉપર પ્રેમ થયો, મળવા પ્રાણ સનેહીને. ૧
રાણીયો પાલખીયે બેશી, સુરૂચી આદે નીસર્યાં;
સાંભળતાંમાં સ્નેહ વોધ્યો, આંખડીએ આંસુ ભર્યાં. ૨
દૂરથકી ધ્રુજી દીઠા, રાજા રથથી ઉતર્યા;
હીંડતા હીંડતા હેતે જઇને, પ્રાણ પૂત્રને મળ્યા. ૩
પાપ સઘળાં બળી ગયાં, નિર્મળ થયો નરપતિ;
ખોળે બેસાડી માથું સુઘ્યું, નવરાવ્યો આંસુવતી. ૪
અપરમાને પાયે લાગ્યા, માતા મને કૃપા કરી;
ચિરંજીવો સુરૂચી કહે, હૈડામાં હેતે ભરી. ૫
પૂત્ર તમને સૌકો નમશે, જેમ નિંચાણે નીર;
પિતા તમને હેત કરશે, મળીયા શાંમ શરીર. ૬
સગી માને શીશ નામ્યું, વળતી નગરમાં નિસર્યા;
અમુલ્ય અંબર ભૂષણ ભલાં, હારડા નવલા ધર્યા. ૭
હાથણીયે બેસાડ્યા ધ્રુને, વાજિંત્ર વાગે ઘણાં;
ધુપ દીપ ને અક્ષત કુંમકુંમ, ઓપિ રહ્યાં આંગણાં. ૮
શાહેરકેરિ શોભા સારી, નવલી શોભે વાડીયો;
કલ્પત્રુનો પાર નહીં, મહા મંગળ દેખાડીયો. ૯

નવલી શોભા નજરે દીઠી, ધ્રુજી વાલે વખાણીયા;
રૂધનાથના સ્વામિ મળ્યા, તે રાજાએ જાણીયા. ૧૦

કડવું ૧૨ મું.

જન સૌ જાણે, ધ્રુ રાજ્ય કરેજી, મનનાં દુખડાં, સૌનાં હરેજી;
રૈયત સઘળી, સુતને નમેજી, રાજાજીના, મનમાં ગમેજી.

ઉથલો.

રાજાજીને મન ગમ્યું, ધ્રુને રાજ્ય બેસારીઆ;
ઉત્તાનપાદ તો વનમાં ગયા, જઇને શાંમ સંભારીઆ. ૧
ઉત્તમને તો જક્ષે માર્યો, એવી વાતો સાંભળી;
તેની માતા ગઇ શોધવા, તેતો તહાં દવમાં બળી. ૨
બાંધવ કેરૂ વેર લેવા, ધ્રુજી તહાં પધારીઆ;
એકેક દેવના માંથા માંહિ, બાણ ત્રણ ત્રણ મારીઆં. ૩
જક્ષ સઘળા જાય નાઠા, જઇને માયા કરી;
આકળા સૌ થવા લાગ્યા, લીધા ધ્રુને આંતરી. ૪
માયા મટાડી ધ્રુવ નિસર્યા, જેંણીપેરે સૂરજ નિસરે;
દેવ સઘળા ધાઇ આવ્યા, બાંણની વૃષ્ટિ કરે. ૫
ઉડે જેણી પેરે નાગ જઇને, ગરૂડના મુખમાં પડે;
નારાયણાસ્ત્ર મેલ્યું ધ્રુવે, તેથી અંગે ના અડે. ૬
દેવ તો બહુ માર્યા પડયા, તે મનુને નવ ભાવીઆ;
સપ્ત રૂષિ સાથે સાથે, મનુ રાજા આવીઆ. ૭
તહારો ભાઇ તો એકે માર્યો, ઝાઝાને નવ મારીયે;
એતો દેવને આપણ માણસ, મનમાં કાંય વિચારીયે. ૮
ભાઇ તમારો માર્યો નથી, તમે નથી માર્યા દેવને;
ભગતને એ ઘટે નહીં, કરો હરિની સેવને. ૯
વેર મેહેલો ક્ષમા કરો, જક્ષ સું સાંને લડો;
રૂધનાથના સ્વાંમીને સમરો, કુબેરને પાયે પડો. ૧૦

કડવું ૧૩ મું.

તાતને તાતે, શીખામણ દીધીજી, સુતને સુતે, માંની લીધીજી;
પ્રસન્ન થયા, ઘણું આદરાદરજી, વળતા મનુ, બ્રહ્મલોક જાયજી.

ઉથલો.

મનુ તો બ્રહ્મલોક ગયા, ધ્રુજી તહાં ઊભા રહ્યા;
ભવનના ભંડારી કૂબેર, પ્રીતશું પ્રસન્ન થયા. ૧
ચિરંજિવો ધ્રુવ તમે, મનડું મહારૂ ઠર્યું;
વેર મેલ્યુ વેગે તમે, પૂર્વનું કહ્યું કર્યું. ૨
કોયકોયને મારે નહીં, કાળતો સૌને હણે;
નર અજ્ઞાંની હોય તેતો, કોયને માંથે ભણે. ૩
એટલું કહી કૂબેર ગયા, ધ્રુવજી ઘેર આવીયા;
સગાંસંબંધી સર્વેકોને, મન ભલા ભાવીયા. ૪
રાજ્ય કર્યું જજ્ઞ કર્યા, દક્ષણાયો આપી ઘણી;
મનુના પરિવાર માંહે, ધ્રુવતો મધ્યે મણિ. ૫
ભૂ મંડળને ચળિત દેખી, સ્યાંમનો સર્ણો ઝાલીયો;
પોતાના પૂત્રને પ્રીતે, રાજઆસન આલીયો. ૬
સાંમળીયાનુ સ્મરણ કરતાં, વનમાં વેગે ગયા;
બદ્રિકા આશ્રમ માંહી, એકલા આવી રહ્યા. ૭
છત્રિસ હજાર વર્ષ રાજ કીધુ, તનક માંહી તાગીયું;
ઊદાસી વૈરાગી એવા, આદ કાંઇ નવ માગીયું. ૮
સાધુ કેરા સંગ માંહી, જોડયા રહ્યા હાથને;
ધરણિધરનુ ધ્યાન ધરિયું, સંભાર્યા શ્રીનાથને. ૯
અવનીના આધાર કેરા, મનમાંહે ભાવીયા;
રૂષનાથના સ્વાંમીના સેવક, વીમાન લેઇને આવીયા. ૧૦

કડવું ૧૪ મું.

નંદ સુનંદ, બોલ્યા વાતજી, ધ્રુ તમે ચાલો અમારી સાથજી;
પૂર્વે તમે, વરદાન લીધુજી, હરિયે તમને, ધ્રુપદ દીધુજી.

ઉથલો.

હરિયે તમને ધ્રુપદ દીધુ, તે અમે આવ્યા તેડવા;
વીમાન માંહે વેગે બેસો, તપનું ફળ ફેડવા. ૧
જેશ્રીકૃષ્ણ કીધા ધ્રુવે, સકળ વૈશ્નવ જનને;
મુનિજનની પુજા કીધી, ઇચ્છા આંણી મનને. ૨

દેવદેહી થઇ ત્યારે, મૃત્યુ આવ્યો તહાંસરો;
આલોકમાં અમલ માહારો, અંગિકાર મુજને કરો. ૩
મૃત્યુ કેરા માંથા ઊપર, પગલુ પ્રીતે ધર્યું;
વાલાના વિમાન માંહિ, આરાસન ધ્રુયે કર્યું. ૪
ગગનમાં દુંદુભિ વાગ્યાં, પુષ્પની વૃષ્ટિ થઇ;
જાતાં મનમાં એમ આવ્યું, માતા મહારી તહાં રહી. ૫
પારષતે વ્રત જાણ્યું, એને માતા સાંભરી મનમાં;
માતાનુ વિમાન તેને, દેખાડયુ ગગનમાં. ૬
તમ સરખા સાધૂ તેતો, દેશને પાવન કરે;
એકવીસ પેઢી વઇશ્નવ જનની, વઇશ્નવ થાતાં ઊધરે. ૭
ધ્રુજીતો ધ્રુ લોકનું, રાજ્ય કર રહી વરતે;
નારદ જેના ગુણલા ગાયે, પરચેતાંના પરતે. ૮
રવિવારને પૂરણ મહાસે, સાંભળે સુખ થાય;
માંથા ઊપર મૃત્યુના, પગ દેઇને જાય. ૯
સીખે સાંભળે ધ્રુવ ચરિત્ર, સાંજ સવારે ગાય;
રૂષનાથના સ્વાંમિ મળે ને, પ્રેમ ભગ્તિ થાય. ૧૦

प्रह्लादाख्यान.

કડવું ૧ લું રાગ ધનાશ્રી.

પ્રથમ નમું શ્રી વલ્લભવરજી, શ્રી વિઠ્ઠલનાથ ગિરિવરધરજી.
વળિ વળિ વંદુ શ્રી નરહરિજી, જેણે પ્રહ્લાદને દયા કરિજી.

ઉથલો.

પ્રહ્લાદની પ્રતિપાળ કરી, જેણે હિરણ્યકશ્યપને મારીયો;
પરીક્ષત પુછે કહો શુકજી, વળિ કથા વિસ્તારીયો. ૧
રાજા કહે ભગવાનને, વિષમપણું કેમ થાય;
મરાવે છે દૈત્યને, દેવોને કરે સાહ્ય. ૨
માયાથકિ પરે હરી, માયાથી ગુણ થાય છે;
વિષમ ગુણની વૃદ્ધિએ, એ કાળવડે કેહેવાય છે. ૩
રજોગુણ તે સરજે, સતોગુણ તે પાળે;
તમોગુણ તે સંહારે એ, ઇશ્વર તે કાળે. ૪
યુધિષ્ટરે પુછીયું, નારદ પ્રત્યે એમ;
ગાળો દેતો શિશુપાળ તે, પ્રભુને પામ્યો કેમ. ૫
વેણુ તે નર્કમાં ગયો, એ દેવું શીખ્યો ગાળ;
જીભે કોડ ન નિસર્યો, તે મુજને કહો દયાળ. ૬
ચૈતનને અડતા નથી, હું માહારાના રોષ;
ભગવાનને દુઃખ લાગીયું, તે એને થયો દોષ. ૭
જીવોને ઊદ્ધારવા, ઇશ્વરને અવતાર;
કામે ક્રોધે જે કોય ભજે, તેનો થાય ઊદ્ધાર. ૮
કામે ગોપિ કંસ ભેવડે, પ્રેમે તમે રાજન;
ભકિતએ હું પામિયો, સંબંધે જાદવજન. ૯
વેણુએ ધર્મ લોપિયો, ભાવ કશો નહીં લેશ;
શ્યામની એ કહી કથા, હવે કહુ વિશેષ. ૧૦
પેહેલે એ પારષત હતા, જય વિજય એ બેય;
સનકાદિકના શ્રાપથી, એ હેઠા આવ્યા છેય. ૧૧

હિરણ્યકશ્યપ હિરણ્યાક્ષ થયા, રાવણ ને કુમ્ભકર્ણ;
રૂઘનાથ દન્તવક્ર શિશુપાળ, હમણાં પામ્યા ચર્ણ. ૧૨

કડવું ૨ જું રાગ ધનાશ્રી.

સદા સમદર્શી એ પ્રહ્લાદજી, હરિની સાથે ઘણું સવાદજી.
એવા સુતશું એવડું શું વેરજી, પ્રેમે પૂછે યુધિષ્ટરજી.

ઉથલો.

યુધિષ્ટરે પૂછીયું, ત્યારે નારદજી કહે વાત;
હિરણ્યાક્ષને મારીયો, વરાહરૂપે સાક્ષાત. ૧
કેહેવા લાગ્યો દૈત્યને, રાય કર લેઈ ત્રિશૂળ;
ગાય બ્રાહ્મણ દેવતા, એ વિષ્ણુ કેરૂ મૂળ. ૨
દેવે માહારો ભાઈ મરાવ્યો, હરિ નિરવેર બાળ;
રમાડે જમાડે તેનો થાયે, એને નહીં અહંકાર. ૩
હિરણ્યકશ્યપ આવીને, ઘરના પ્રત્યે કહે;
વીર પુરુષને જુદ્ધમાંહે, મૂવાનો ધર્મ છેય. ૪
મળાવો છે પર્વનો, એવો એ સંસાર;
આત્મા તો નિત્ય છે એ, દેહવડે દુઃખ ધાર. ૫
એક રાજા જુદ્ધમાં મૂવો, તેનું કોય ન કરે કાજ;
રાણીયો તો એવી રૂવે, સાંભળી આવ્યા ધર્મરાજ. ૬
બાળક રૂપે બોલીયા, એને રૂવો છો શુંય;
સૌએની એ રીત છે, કોય નથી કોનુંય. ૭
માત પિતા મેલી મૂઆં, હું તો નાહાનું બાળ;
વનમાં રહિયે એકલા, પ્રભુજી લે સંભાળ. ૮
રાજા તમારો આ સૂતો છે, એને રૂવો છો કે કુને;
બોલતો કહો કેવો હતો, રાતો પીળો તુને. ૯
બાહાર પડી એક વસ્તુ રહે, ઓરડામાંથી જાય;
ગરિબ હોય તે ઉગરે, ઘણાં મોંઘાં મરી જાય. ૧૦
વળિ એક કહું તે સાંભળો, કુલંગ પખિકેરી વાત;
સોચ કરતાં સુત મારનો, એ મરાણો રૂઘનાથ. ૧૧

કડવું ૩ જું રાગ ધનાશ્રી.

વૈરાગ જ્ઞાન ઘણેરાં ભાખ્યાંજી, એમ કરી રાયે રોતાં રાખ્યાંજી.

આ ભાભીએ ભાવ વિચાર્યાજી, સૌ સગાંના સોચ નિવાર્યાજી.

ઉથલો.

સૌના સોચ નિવારીયા; રાય વળતી ગયો વન;
ઊગ્ર તપ જઇ આદર્યું, ઊમેદ ધરી બહુ મન. ૧
દેવતાનાં ઠાર લેઇ, બેસારૂં ત્યાં દૈત્યને;
એકલો સૌ ભોગ લેઉં, કુની ન રાખું રીતને. ૨
મહાતપ કેરા તેજશું, તપિયા સઘળા દેવ;
બ્રહ્મા પાસે આવીયા એ, સઊ મળી ત્રતખેવ. ૩
દેવને દેખી દુ:ખીયા, અજ બોલ્યા શાક્ષાત;
દૈત્યના સંકલ્પની, દેવે સઘળી કહી વાત. ૪
બ્રહ્માદિક ત્યાં આવીયા, મહિમા ન જાય કહ્યો;
હજાર વરસ દેવતાનાં, જળ વિના એ રહ્યો. ૫
શરીર ખાઇ ગઇ કીડીયો, મુજને એણે નવ લહ્યો;
કમંડળનું જળ છાંટીયું, તેણે સોવર્ણસો દેહ થયો. ૬
શુદ્ધ કરી બ્રહ્માતણિ, પોતે થયા પ્રસન્ન;
જે જોઇએ તે માગી લેજે, બોલ્યા મુખ વચન. ૭
ભૂત તમારાં સરજ્યાં, મુજને કોય ન મારે;
બીજાં વરદાન માગીયાં, અસુરે અપારે. ૮
હજો કહી કમંડળી, ગયા છે બ્રહ્મલોક;
દાનવ જઇને દેવ ઊપર, કરવા લાગ્યો કોપ. ૯
દિગ્ગજ લગી પ્રથ્વી લેઇ, લીધાં સૌ પાતાળ;
આવી બેઠો સ્વર્ગમાં, ક્ષણું ન લાગી વાર. ૧૦
દાનવને બેસાડીયા, દેવતાનાં ટાળ્યાં નામ;
જળ પવન અગ્નિતણું, એ આપે કરે કામ. ૧૧
જેહ પાસે જેહ હોય તે, સૌ એને આણી આલે;
રૂઘનાથ કહે અસુરોને, એ મળી ચાલે. ૧૨

કડવું ૪ થું રાગ ધનાશ્રી.

અસુર એતો બળિયો થયોજી, જીત્યા વિના કોય ન રહ્યોજી;
તપ વરદાને સૌ વશ્ય લાવ્યોજી, વિશ્વજીત એ તો કાવ્યોજી.

ઉથલો.

વિશ્વજીત એ કહાવિયો, ન જવું કાંય લેવા;
બ્રહ્મા વિષ્ણુ શિવ વિના, એહેની કરે સો સેવા. ૧
ગાય બ્રાહ્મણ ને દેવતા, સૌકો દુઃખડાં પાઇયે;
હું નારદ ને તમારૂ, રહ્યા એના ગુણલા ગાઇયે. ૨
અનવડે સઊ દેવતા, તે ધરે હરિનું ધ્યાન;
દૈત્ય કોય જાણે નહીં, એમ બોલ્યા શ્રી ભગવાન. ૩
ગાયે બ્રાહ્મણને પીડશે, ત્યારે થાશે એ નાશ;
હમણાં પરખો કાળને, મનમાંહે રાખો આશ. ૪
એનો સુત પ્રહુલાદ છે, તેને એ દેશે દુઃખ;
ત્યારે તાંહાં એ મરશે, તમને થાશે સુખ. ૫
એ છે ભક્ત માહરો, વહાલામાં વાહાલો ઘણું;
જીવતા નખને કાપશે, ત્યારે આવી મારેશ તે ક્ષણું. ૬
પ્રસન્ન થયા દેવતા, હવે પ્રહુલાદની કહું વાત;
પાંચ વરસનો સુત તે, એ ભણવા જાય સાક્ષાત. ૭
રમત નહીં ઊદાશ આનંદ, નાચે હસે રૂવે ને ગાય;
કૃષ્ણાં કહી પોકાર કરે, એ પ્રેમે પુલકીત થાય. ૮
શુંડામર્ક તે લાવિયા, ભૂષણ ધરિયાં અમોલ;
હિરણ્યકશ્યપ કહે કુંવર મહારા, સારૂં ભણ્યો હોય તે બોલ. ૯
દૈત્ય મધ્યે શ્રેષ્ટ એ, અંધ કુવો ઘરબાર;
સૌ સંગ મેલી વનમાં જઈ, હરિ ભજિયે તે સાર. ૧૦
કાંય હસીને બોલીયો, બ્રાહ્મણ પ્રત્યે કહી;
બુદ્ધિ બાળકની ભમાવોછો, અમારે અહીંયાં રહી. ૧૧
પાપ તો છાનું કરે, પણ રોગ આવે જણાય;
રૂઘનાથ કહે બ્રાહ્મણ ઊપર, અતિશે તણાય. ૧૨

કડવું ૫ મું. રાગ ધનાશ્રી.

એમાં અમે કાંય ન લહિયેજી, અમે તમારા બ્રાહ્મણ છૈયેજી.
અમથા અમઉપર શીદ બળોજી, અદ્રશ્ય કહું તમો સાંભળોજી.

ઊથલો.

અદ્રશ્ય તમારૂ સાંભળો, હું તો તમારો રાંક;
એમ મેં નથી શિખવ્યું, રાય નથી માહારો વાંક. ૧

ગુરૂ ઘેર તેડી ગયા, ભગવતી પ્રહ્લાદ;
તુજને કોણે શીખવ્યું, તું સાચી કહેને વાત. ૨
આ હું ને આ તું વડે, થયો છે સંસાર;
દ્વૈત થયું જેની માયાએ, તેને કરૂં નમસ્કાર. ૩
દૈત્ય ચંદનવનમાં, ક્યાંથી થયો બાવળ;
કોહોવાડો એ હરિ હુતા, એ હાથો થયો મહાબળ. ૪
મેહેતો મન વિસ્મે થઇ, ભણાવે રાજ્યધર્મ;
પ્રહ્લાદનું મન પેસે નહીં, હરિ વિના કાંય કર્મ. ૫
થોડે દહાડે તેડીને, ઘણું ધરાવ્યા શૃંગાર;
પિતા પાસે લાવિયા એ, પુત્રને તે વાર. ૬
પીળાં વસ્ત્ર પેહેરાવ્યાં, સઊ હરાં ભુશણ સાર;
ગુણગંભિર ગોવિંદ સરખા, શોભાનો નહીં પાર. ૭
ખોળામાં બેસાડયો હેતે, ઘણું પ્રેમે પ્રસન્ન થઇ;
માથું સુંઘ્યુ સુતનું, એને આંખે આંસુ વહિ. ૮
આલિંગન સુખ કરીને ઘણું, પ્રીતે પૂછે તાત;
ઊત્તમ ભણ્યો હોય તે તું, ભણી જા પ્રહ્લાદ. ૯
શ્રવણ કિરતન ધ્યાન સ્મરણ, વંદન પુજન ચરણ;
આત્મ સમર્પણ સખાપણું, પ્રેમે રહિયે હરિને શરણ. ૧૦
નૌધાભક્તિ જીવને, એની મેળે થાય;
ઇશ્વરને અર્પ્યા વિના, એ નવે નિષ્ફલ જાય. ૧૧
હિરણ્યકશ્યપ કહે સુતને, તું સાચી કેહેને વાત;
કોણે તુજને શીખવ્યું, ત્યાંહાં બોલ્યો રૂઘનાથ. ૧૨

કડવું ૬ રાગ ધનાશ્રી.

પ્રહ્લાદ કેહે છે મારા તાતજી, તમે સાંભળો મહારી વાતજી.
રીસ ન કરશો કાંય રાયજી, પોતે પરથી એ નવ થાયજી.

ઊથલો.

પોતાથી ને પરથી એ, વિષઇને નવ થાય;
સાધૂજનની કૃપાવડે, એ વાતો જણાય. ૧
ચમકપાહાણના સંગમાં, જેમ લોહું કરે ચેષ્ટાય;
જેની બુદ્ધિમાં હરિ આવે, તાંહાં તેને એવું થાય. ૨
ચરવણ ચરવણ ચાલિયો, જગતનો વેહેવાર;
આંધળા કેડે આંધળા, એ ભવ પડે સંસાર. ૩

પટકીને પ્રહ્લાદને, રાય વળતી બોલ્યો વાણ;
કરડી આંગળી રાખીયે તો, વળતી જાયે પ્રાણ. ૪
પાંચ વરસમાં પિતાનો, પુત્ર એ નવ થયો;
વિષ્ણુ તો શું સારૂં કરશે, એ એની પાસે રહ્યો. ૫
પુત્ર શત્રૂ હોય તો, વળિ તેનો કિજે વધ;
શત્રૂ મિત્ર રાખીયે, એ રોગ જેમ ઓખદ. ૬
વાંકાં મ્હોંને મારવાને, સૌકો આવ્યા સંગ;
ભ્રમ ભૂત પ્રહ્લાદજીને, કાંય ન અડકે અંગ. ૭
પ્રહાર કરે આવકા, પ્રહ્લાદ પ્રભુને ભણે;
અસ્ત્ર રૂપે આત્મા એ, માંહોમાંહે શું હણે. ૮
દિગ્ગજ ગજ નાશી ગયા, જળમાંહ્ય ડુબાડયો;
અગ્નિ ને વખ દીધલાં, એને પાહાડ ચડાવી પાડયો. ૯
હિરણ્યકશ્યપ વિસ્મે થયો, કાંય ન જડી કુંચી;
સો વરષ લગી દાટીએ, કહાડીએ ત્યારે ઊંચી. ૧૦
હૈયામાં સઉ સમજે છે, વેર નહીં મેલે તરણ;
એને મારતાં માહરૂં તે, સરજ્યું હશે મરણ. ૧૧
ગુરૂનો પુત્ર બોલીયો, રાય નામે ડરે દિગપાળ;
લાંબુ નવ વિચારીયે, રૂઘનાથ નાહાનું બાળ. ૧૨

કડવું ૭ મું.

એમ શું બોલો અસુરના ઇશજી, તમે જુગ જીત્યો છે જુગદીશજી.
એ તો બાળ તમારો છેલોજી, વરૂણબંધે બાંધી મેલોજી.

ઉથલો.

વરૂણબંધે એને બાંધો, ન મળે કુને જઇ;
શુક્રાચાર્ય આવશે ત્યારે, જે કરશો તે સહિ. ૧
હિરણ્યકશ્યપ કહે તમે એહને, લેઈ જાઓ તમારે ઘેર;
રાજાના ધર્મ ભણાવજો, મુજને કરો મેહેર. ૨
ઘેર મેલીને ગોરજી તે, આડા અવળા જાય;
દૈત્ય પુત્રે દીઠડો, પ્રહલાદનો મહિમાય. ૩
પ્રીતે લાગ્યા પુછવાને, અમને કહો એ વાત;
દયા આણી સૌ જીવોની, પછે ત્યાંહાં બોલ્યા પ્રહ્લાદ. ૪
નાનપણામાં હરિ ભજિયે, ઘડપણની શી આશ;

દેહ પડતાં પેહેલું સાધીયે, અંતે થાયે એ નાશ. ૫
આયુષ તો સો વરષનું, અડધું ઊંઘમાં જાય;
વીસ વરસ તો નાહાનપણું, દસ કામ ક્રોધ વૃધ થાય. ૬
જ્યાં જ્યાં યોની પામશો, ત્યાં ત્યાં સઘળા ભોગ;
આ અવસરમાં હરિ ભજો, ટાળો સઘળા રોગ. ૭
કનક ને કામનિવડે, જન્મ મરણ દુઃખ થાય;
કોશંટો ઘર કરે મરે, માંહ્યથી નવ નિસરાય. ૮
ગર્ભાધ્યાનથી માંડીને, સ્મશાન લગિ સંતાપ;
વચ્ચે વૈતરણી વિશેતણિ, હરિગુણ દેશ અમૃત આપ ૯
એક દ્રવ્યને કારણે, ત્રણ જણ ખુવે પ્રાણ;
તસ્કર ચાકર ધન પેહેલા, વણિક બેસે વાહાણ. ૧૦
ઘર ઘરણિ છત છોકરાં, સોનું થાય ધ્યાન;
રૂઘનાથ એ મેલીને, તે કુણ ભજે ભગવાન. ૧૧

કડવું ૮ મું.

મોટા જનને મોટા જાણેજી, કોયના ઉપર ઇર્ષા ન આણેજી.
ભાવે ભક્તિએ ભજે હરિજી, સમાન સાથે કરે મીત્રિજી.

ઊથલો.

સમાન સાથે કરે મીત્રિ, સરવ ભૂત ઉપર દયા;
બ્રહ્માથી સ્થાવર લગિ, સર્વેમાં હરિ રહ્યા. ૧
ધન મંદિર ગજ ઘોડલા, નાશવાન એ નામ;
અંતસમે એક હરિ વિના, કોય ન આવે કામ. ૨
શરમ નથી હરિ ભજતાં, દેહિને પ્રિતિનો પાસ;
આકર્ષણવડે બોલવું, સઘળા સુરત વિલાસ. ૩
નારદે દયા કરી, મુજને કહી એ વાત;
નિશાળીયા કહે તમને તે, ક્યાં મળિયા સાક્ષાત. ૪
તપે ગયો તે મુવો જાણીને, દેવતા આવ્યા ધાઈ;
ઇંદરે ગૃહમાં આવીને, તે માહારી માને સાહિ. ૫
નારદ કહે ઇંદ્રને, એ નારને શું કરેશ;
એને ઊદર પુત્ર છે તે, મહારી હું મેલેશ. ૬
તાહારો માર્યો નહીં મરે, એનો મોટો છે મહિમાય;
ઋષિ કહે એ ભક્ત હરિનો, ત્યારે ગયો પડીને પાય. ૭

એ તે સૌ વિસ્મે થયા, પ્રેમ વચન મુખ બોલે;
દેવતા ને અસુર મધ્યે, નહીં કોય એ'ને તોલે. ૮
દયા આણી નારદ લાવ્યા, પોતાને સદન;
માહારી માયે સેવા કરી, ઋષિ થયા પ્રસન્ન. ૯
માગ્ય માગ્ય નારદ કહે, માગું છું હું એહ;
માહારી ઇચ્છાએ પ્રસવું, વળિ વણસે નહીં દેહ. ૧૦
મહારી માના મુઠા આગળ, મને ગુહ્ય જ્ઞાન એ કહ્યું:
રૂઘનાથ કહે ગુરૂ કૃપાએ, મુજને સઘળું રહ્યું. ૧૧

કડવું ૯ મું રાગ ધનાશ્રીની ચોપાઈ.

એકડેએક હરિને ભજિએજી, બગડેબેય તેને તજિએજી. ૧
તગડેત્રણ ગુણના તીતજી, ચોગડેચાર કરીયે પ્રીતજી. ૨
પાંચડપાંચ કોષથી પરેજી, છગડે છે તેને સમરેજી. ૩
સાતડેસાત વરસમાં ભાઇજી, આઠડે આ ઠામ કરો કમાઇજી. ૪
નવડેનવ ભક્તિ કિજેજી, મીંડે પ્રેમતણો રસ પિજેજી. ૫
દસ વરસ નાહાનપણામાં ગયાંજી, લાડની લ્હેરે કાંય ન લહ્યાંજી. ૬
પંદરવીસે પરણ્યો નારીજી, વીસમાં વિસરી ગયા ગિરધારીજી. ૭
પચ્ચીશ ત્રીસે તૃષ્ણા વધીજી, કૃષ્ણને સંભાર્યા નહીં કદીજી. ૮
પાંત્રિસ ચાલિસની ઝડ લાગીજી, ગામથી ગતિ ન ચાલે આઘીજી. ૯
પચ્ચા વરશે આવ્યાં પળિયાંજી, ભુંડા મુખનાં ડાચાં મળિયાંજી. ૧૦
સાઠે લાઠી ઝાલી હાથજી, ડોસાનો કોય ન કરે સાથજી. ૧૧
શીત્તેર સુધી સઘળું તાણ્યુંજી, રૂઠા હરિનું નામ ન જાણ્યુંજી. ૧૨
એંશીએ ઊઠ્યું નવ ઉઠાયજી, કોય કર ઝાલે તો જવાયજી. ૧૩
નેવુએ નવ નિસરાયું બાહારજી, તોયે તન તરિયાના વિચારજી. ૧૪
સોએ વરષે પૂરો થયોજી, જ્યાંથી આવ્યો ત્યાંતો ગયોજી. ૧૫
રૂઘનાથ કહે છે કાંય ન કીધુંજી, કદિયે હરિનું નામ ન લીધુંજી. ૧૬

કડવું ૧૦ મું. રાગ ઉપરનો.

કક્કે કહિયે કેશવરામજી, તે તો પામે અવિચળ ધામજી. ૧
ખખ્ખે ખોટો છે સંસારજી, પ્રભુ વિના કોય ન ઊતારે પારજી. ૨
ગગ્ગે ગોવિંદના ગુણ ગાઇયેજી, તોતો પ્રેમપદારથ પાઇયેજી. ૩
ઘઘ્ઘે ઘોર અંધારિ રાતજી, શશિ સૂર કૃષ્ણ કેરિ વાતજી. ૪
નન્ને નારણ નારણ કહિયેજી, તોતો સદાય સુખમાં રહિયેજી. ૫

તોજી, આયુષ જાયછે તાળી દેતોજી. ૬
ખુવોજી, હૈયે વિચારીને જુવોજી. ૭
સંભારોજી, દેહથી આત્મા ન્યારો વિચારોજી. ૮
ન કરિયેજી, સઘળે ધ્યાન હરિનું ધરિયેજી. ૯
હાથેજી, જાય દુકરીત સુકરીત સાથેજી. ૧૦
પણુજી, જૈયે જુગજીવનને શરણુજી. ૧૧
ગાડી કહેજી, હરિ વિના કોય નિત્ય ન રહેજી. ૧૨
કાંય ન થાયજી, વાહાલા કિજે વૈકુંઠ રાયજી. ૧૩
હેલઝબિલોજી, એને પલક ન મેલો વિલોજી. ૧૪
ક ટળિ સૌ જાશેજી, જ્યારે દર્શન પ્રભુનું થાશેજી. ૧૫
વ દેવના દેવજી, સદા સઘળે કિજે સેવજી. ૧૬
. ધ્યાન હરિનું ધરિયેજી, પાંડના સારૂ પાપ ન કરિયેજી. ૧૭
નુ તો પ્રીત પૂરવની પાળેજી, રૂઘનાથ દાસપણુ દિન ગાળેજી. ૧૮

કડવું ૧૧ મું. રાગ ઉપરનો.

કક્કે કેરાનું ફળ લિજેજી, હેતે હરિજનનો સંગ કિજેજી. ૧૯
ખખ્ખે બીજુ નથી કોયજી, સગળે સુંદરવરને જોયજી. ૨૦
બબ્બે બે ટાળણ ભગવાનજી, નિત્યે તેનું ધરિયે ધ્યાનજી. ૨૧
મમ્મે માધવજીને જે ધાયજી, સંકટ વેળા કરે સાહ્યજી. ૨૨
યયા યાતી ભાતી રૂપજી, આત્મા અખંડ અકળ સ્વરૂપજી. ૨૩
રરે રેહુ કહ્યુ પણું જાયજી, જીવ તો દેહનો સગો ન થાયજી. ૨૪
લલ્લે લક્ષ્મીવરની લાગીજી, તેના ભવની ભાવટ ભાગીજી. ૨૫
વવ્વે હવે એ અલબેલોજી, તેને શું કરવા કોય મેલોજી. ૨૬
શશ્શે બતાવી છે અમનેજી, તે હરિ દેખાડ્યા મેં તમનેજી. ૨૭
ખખ્ખે ખોટ કશી નવ આવેજી, જેના મનમાં મોહન ભાવેજી. ૨૮
હહા હવે કાંય ન રહ્યુંજી, વાલા વિના એળે આયુષ ગયુંજી. ૨૯
આઉ કરતા કરતા જાશોજી, મીઠડી માયામાં શું શાશોજી. ૩૦
ઇચ્છા ઇશ્વરની સૌ જાણોજી, અક્ષર આનંદ સુખમાં માણોજી. ૩૧
અક્ષર જ્ઞાન વૈરાગ ને ભક્તિજી, લેશ આવે તો આપે મુક્તિજી. ૩૨
સૌ આંક કક્કો ને લેખાંજી, હરિની ભક્તિ વિના સૌ ખોખાંજી. ૩૩
નેહ ધરો નિશાળીયા સૌ સાથજી, કહે છે કરજોડી રૂઘનાથજી. ૩૪

કડવું ૧૨ મું રાગ ધ્યાન

મુજને કહ્યું તે મેં તમને કહ્યુંજી, જેવું સાંભ
આત્મા અક્ષરબ્રહ્મ કહેવાયજી, દેહડી આવે

ઉથલો.

આવે જાય ફળ ફુલડાં, ઝાડનો તો નહીં નાશ.
એમ અખંડિત આત્મા, દેહનો નાશ વિનાશ.
હરિથી જગત થયું, જગતમાં હરિ રહે;
બાર લક્ષણો કરી આત્મા, સૌથી અળગો છે એ.
એક આત્મા પુરૂષ પુરાણ, સત્ય જ્યોતિ આદ્ય અ
નિત્ય[1] અક્ષર[2] અજ[3] સાસ્વત[4] સુખ, નિરંજન અદ્વૈત[5] અ
રજમાં સોનું રહે, તે તો જાણે કોઇ;
સોનું કહાડે સોધીને, રજને નાંખે ધોઇ.
બુદ્ધિને વશ કરવાને, અનેક છે ઉપાય;
સાચો ઉપાય એક છે જે, હરિ ગુણ શરણે થાય.
હરિને સંભારીને, હસે ને વળિ રૂવે;
નાચે ગાય કરે ગર્જના, સઘળે હરિને જુવે. ૬
એ વાતો આવે નહીં, તપ તિરથ વ્રત નેમ;
સૌ સાધનનું ફળ છે એ, પ્રભુશું થાય પ્રેમ. ૭
સુખનાં પ્રયત્ન સૌ કરે, આવે દુઃખ અજાણ;
કર્મવડે દેહડીને, દેહવડે કર્મ કાણ. ૮
સઘળે હરિને જુવે, એકાંત ગોવિંદ ગાય;
એ ભક્તિ અનુપાયની, જેણે પ્રભૂ પ્રસન્ન થાય. ૯
પ્રહલાદ સરખા સૌ થયા, બ્રાહ્મણને થઇ ઝાળ;
ગુરૂએ કહ્યું રાયને, મારી બગાડી નિશાળ. ૧૦
રાજા કહે લાવો અહીંયાં, હવે હણું હું મારે હાથ.
રહો આગળ ઊભો કર્યો પણ, બોલે નહીં રૂઘનાથ. ૧૧

કડવું ૧૩ મું રાગ ધનાશ્રી.

પિતા કોપિ કુંવરને કહે છે જી, હાથે મારૂં હવે કાંય રહે છે જી.
અલ્યા હું શું જઇશ તુજથીજી, દિગપાળ ડરે સઘળા મુજથીજી.

---

૧ સદા. ૨ ખરતો નથી. ૩ જીતાતો નથી. ૪ પોતે છે. ૫ બેપણું જેમાં નથી. ૬ જેને મર્ણ નથી.

ઉથલો.

,જથકિ, ડરે સઘળા લોક;
:તો નથી તું, બોલને કૂળ રોગ. ૧
. એક હરિ, તહારે બળ છે તેહનું;
પોતે જીતે, તો વેરી નથી કોય કેહનું. ૨
ી પૃથ્વિ, મન ન જીત્યું જ્યારે;
ા સૌ ચોર રહ્યા, શું જીત્યું તેં ત્યારે. ૩
બુદ્ધિ મેલો રાજા, મનને રાખો થીર;
કેમ કરો છો પિતા, સમરો શ્યામ શરીર. ૪
કાહાડીને બોલીયો, ક્યાં છે તારો હરિ;
ર છેદુ મુસ્તક, સઘળે છે સ્થંભ મુકિ ધરિ. ૫
.કડ થયો કાટકો, ત્રણ લોકના માંહ્ય;
બ્રહ્માદિક નીચા નમ્યા, ગર્જના ચાલી જાય. ૬
પિતા એ ઘાતો કરી, પુત્રને બહુ અંગ;
ભક્તોનાં વાયક પાળવા ત્યાં, પ્રગટ્યા શ્રી નરસંગ. ૭
મેહો મોટુ કેહેડ પાતળી, આયુધ હાથ હજાર;
જીવ્હા તિખા ખડકશી, રૂપ ઘણું વિકરાળ. ૮
ગદા મારિ ગાજિયો, હરિયે ઝાલ્યા હાથ;
બળ કરિને છુટિયો, દુ:ખી થયા દેવ સાથ. ૯
ખડગ ચર્મ લેઇને, ફરવા લાગ્યો પાસ;
ગર્જનાએ વેગ ભાગિયો, ઝાલી કર્યો વિનાશ. ૧૦
સો વરસ સુધી લઢયા, સ્વામિ ને સેવક;
સંધ્યાકાળે મારીયો, એને દેખાડી સૌ તક. ૧૧
પેટ વિદાર્યું નખવડે, ચાટી લીધુ સૌ લોહી;
અંતમાળા ગળે ધરિ, જુદ્ધે હણ્યા સૌ કોઇ. ૧૨
આવી બેઠા આસને, લીધું એનું મેં રાજ;
બ્રહ્મા શિવ સ્તુતિ કરે, તમે ક્ષમા કરો મહારાજ. ૧૩
સહુ લોકે સ્તુતિ કરી, આપ આપડી આશ;
રૂઘનાથ કહે કમળા કંપ્યાં, આવ્યાં નહીં પ્રભુ પાસ. ૧૪

કડવું ૧૪ મું. રાગ ધનાશ્રી.

ક્રોધ સમવો નરસંઘરાયજી, દેવ સર્વે દૂર રહ્યા ગુણ ગાયજી.
એતો દેહ અભિમાની ભલાજી, દાસને આદ્ય દેવે મોકલ્યાજી.

ઊથલો.

આદ્ય દેવના મોકલ્યા, પ્રહલાદ લાગ્યા પા
હાથ માથે મેલીને, ઘણું હરખ્યા નરસંહરા
સામું જોઇને બોલીયા, બેઉ કરજોડી પ્રહલા.
નિચ થઇ તમને ભજે, તમે જાવો નહીં જાત.
જાત કુળ જોતા નથી, મુજ દૈત્યને દયા કરિ;
ભક્તિ વાહાલી તમને, ગજ મુકાવ્યો હરિ.
શિવ બ્રહ્મા સ્તુતિ કરે, તમે પ્રસન્ન ન થાવ;
હાથીને મુકાવીયો જઇ, પશુનો ભલો ભાવ.
આગ્યાકારિ દેવતા, બીકે નાઠા જાય;
અમે દૈત્ય નીચને, બહુ કીધી કૃપાય.
અતિ ભયાનક રૂપથી, બિહિતો નથી હુંય;
કાળચક્રથિ ડરીને, શરણું આવ્યો છુંય. ૬
દર્પણમાં મુખ જોઇને, બિંબને કરે શૃંગાર;
ખરાની પુજા કરે તો, જેમ ખોટું શોભે સાર. ૭
સાચા હરિને સમરપે, તો જીવ જાૂઠાને થાય;
પુરણાનંદને પોષતાં, તે વેગે વૈકુંઠ જાય. ૮
કમળાને કર દુર્લભ, તે મુકયો મારે શીશ;
જગતને કૃપા કરો, તમે શ્રી જુગદીશ. ૯
શાષ્ટાંગ સ્તુતિ કરે, કરે કર્મ સમર્પણ;
શેવા સ્મરણ શ્રવણે કરી, પામશું તમ ચર્ણ. ૧૦
અમે ભજિને તરીશું, તેમાં શી ઓશીઆળ;
તારો સઘળા જીવને, ત્યારે દીનદયાળ. ૧૧
ચેળ થયે ખસને ખણે, વળતી લાગે લાય;
રૂઘનાથ રૂચે સૂખલડે, ચોરાશીમાં જાય. ૧૨

કડવું ૧૫ મું રાગ ધનાશ્રી.

મોટા મુનિનો સંગ કરીનેજી, ઘણાય જશે તે તરીનેજી.
બોલ્યા હરિ વરિ અહલાદજી, બીજું કાંય માગો પ્રહલાદજી.

ઉથલો.

માગ્ય માગ્ય પ્રહ્લાદજી, ઘણું પ્રસન્ન થયો હું ય;
શું કરવાને હવે તે, દુઃખ ધરે છે તું ય. ૧
તમને ભજિને માગવું, એ વણિકનો વેહેપાર;
શર્ણુતણાં સૂખ ભોગવે, અહીંયાં દુઃખતણો નહીં પાર. ૨
કાંય ભગત માગે નહીં, એ ભક્તાંની રીત;
સદા સ્વામિ મારા તમે, હું શેવક તે નિત્ય. ૩
સંગ તમારા ભક્તનો, હું માગુ નિતવિત;
ચર્ણકમળની ભગતી, ઘણું ચરણ ઊપર પ્રીત. ૪
આપો છો તે આપીયે, કરીયે કૃપાય;
માગ્યાનું મન મુજને તે, કદીયે નવ થાય. ૫
તમારી નિંદા કરી, રખે એની દૂર ગત થાય;
વૈષ્ણવ થાય જેના કુળમાં, તેનું કુળ વૈકુંઠ જાય, ૬
પ્રસન્ન કર્યા પ્રસન્ન થયા, નરસંઇ શ્રી ભગવાન;
દીનદયાળે દયા કરી, રીઝયા હરિરાજન. ૭
વણ ઇચ્છાયે આપીયું, એક મનુનું રાજ;
ચરિત્ર શુણશે આપણું, તેનાં ધારો કાજ. ૮
નરસઇ કહે નવ આપીયે, એવું અસુરને વરદાન;
બ્રહ્માદિકના દેખતાં, હરિ થયા અંતર ધ્યાન. ૯
વળતી તે રાવણ થયો, હમણાં થયો શિશુપાળ;
પૂરણાનંદને પામિયો એ, વેરવડે આવાર. ૧૦
નારદ કહે તમને કહ્યો, પ્રહ્લાદનો મહિમાય;
નરસંઇ ચરિત્ર સાંભળે, તેને હરિભક્તિ થાય. ૧૧
રાજા કહે પ્રહ્લાદજીનાં, પુન્ય કહ્યાં નવ જાય;
એવાં સંકટે ઊગર્યા જે, નિરખ્યા નરસંઇરાય. ૧૨
સર્વે અવતારનું સાર તો અહીંયાં, આ બેઠા ભગવાન;
રૂઘનાથ કહે રાય સાંભળો, ધરે ભક્ત તમારૂં ધ્યાન. ૧૩
સંવત અઢાર અઠ્ઠાવનો, માસ ભાદરવા સુદ;
એકાદશિ બુધવાર અમૃત, રૂઘનાથ ક્ષણ બુદ્ધ. ૧૪

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વ સુજ્ઞ વૈષ્ણવોને ખબર આપવામાં આવે છે કે અ-
મારી તરફથી મખ્યાત રૂઘનાથભક્તનાં બનાવેલાં પદોનો
સંગ્રહ કરી રસિક રૂઘનાથ કાવ્ય એ નામનું મોટું પુસ્તક
છપાઇ બાહાર પડયું છે. તેનું કદ ડીમી આઠ પેજી પીસ-
તાળીસ ફોરમને આશરે છે, તે તથા તેના બે ભાગ જુદા
પણ પાડેલા છે. માટે જે વૈષ્ણવોને જોઇએ તેમને નીચે લ-
ખેલે ઠેકાણેથી મળશે.

	કી૦ રૂ. આ. પા.
રસિક રૂઘનાથકાવ્ય બે ભાગ સામેલ......	૨— ૦—૦
બારમાસી ઊચ્છવ ભાગ પેહેલો........	૧— ૦—૦
પદસંગ્રહ ભાગ બીજો....................	૦—૧૨—૦
ધ્રુવાખ્યાન તથા પ્રહલાદાખ્યાન..........	૦— ૨—૦

(શ્રીમદ્ભાગવતસારસંગ્રહ) સારકોશ છપ્પાવળિ થો-
ડાક માસમાં છપાશે.

રેલ તથા ટપાલ ખર્ચ લેનારને શીર છે. નોટપેડ પ-
ત્ર લેવામાં આવશે નહીં.

અમદાવાદમાં ચંગપોળના નાકા આગળ સરૈઆપોળ-
માં પરીખ. ગોકળદાસ દવારકાંદાસ પાસેથી મળશે.